# દિવ્ય ભાસ્કર

સાચી વાત બેધડક

કળશ આજની પૂર્તિ

કુલ પાનાં 24 (કળશ)

કિંમત ₹ 5.00, વર્ષ 20, અંક 128, મહાનગર

સુરત, બુધવાર, 2 ઓગસ્ટ, 2023 | ગુજરાત | અધિક શ્રાવણ વદ - 1, વિક્રમ સંવત 2079 | 12 રાજ્ય | 61 સંસ્કરણ


**ભાસ્કર વિશેષ** | છેલ્લા 10 વર્ષમાં 2350 માનવ પ્રભુજીઓને તેમનાપરિવારો સાથે મિલન કરાવવામાં આવ્યું

## ધોરણ પારડી માનવ મંદિરનાં 55 પ્રભુજીનું સ્વજનો સાથે મિલન થશે

ભાસ્કર ન્યૂઝ | બારડોલી

આશીર્વાદ માનવ મંદિરમાં બિનવારીસ નિરાધાર અને પીડિત સ્વસ્થ થયા બાદ મુંબઈની શ્રદ્ધા રીહેબીલીટેશન સેન્ટરને સોંપવામાં આવ્યા હતા. ત્યાં 15-20દિવસની સારવાર બાદ સોશિયલ વર્કરની નિગરાની હેઠળ વિવિધ રાજ્યોમાં જઇ તેમનાં સ્વજનો સાથે વિધીવત મિલન કરાવી સોંપવામાં આવશે.

સુરતનાં માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત કામરેજનાં ધોરણ પારડી હાઈવેને અડીને આવેલ આશીર્વાદ માનવ મંદિર સાચા અર્થમા બિનવારીસ નિરાધાર અને પીડિત પ્રભુજીઓ (સ્ત્રી પુરૂષો)નો આશરો બની રહ્યુ છે. આસાપાસનાં વિસ્તારમાંથી સમગ્ર રાજ્યમાંથી રસ્તે રઝળતા માનસિક અસ્વસ્થ લાચાર લોકોને સંસ્થાનાં સેવકો માનવમંદિરમાં લઇ આવી તેઓને સ્વચ્છ અને સ્વસ્થ બનાવી તેમની માનસિક સ્થિતિ સુધરે અને ફરીથી સામાન્ય જીવન જીવવાની યોગ્યતા પ્રાપ્ત કરી લે ત્યાં સુધીની સારસંભાળ લઇ તેમના સ્વજનોનો સંપર્ક કરી મુંબઈની શ્રદ્ધા રીહેબીલીટેશન સંસ્થાને સોંપી ખૂણે ખૂણેથી આવેલા સ્ત્રી પુરૂષોને ડોક્ટર અને સામાજીક કાર્યકરની નીગરાની હેઠળ વતનમાં સ્વજનોને સોંપવામાં આવે છે. સંસ્થા દ્વારા છેલ્લા 10 વર્ષમાં 2350 માનવ પ્રભુજીઓને તેમના પરિવારો સાથે મિલન કરાવવામાં આવ્યું છે. તેવી જ રીતે આજરોજ આશીર્વાદ માનવ મંદિરનાં સંચાલકો દ્વારા 55 પ્રભુજીઓને (સ્ત્રી પુરૂષોને )મુંબઈનાં કરજત ખાતે કાર્યરત શ્રદ્ધા રીહેબીલીટેશનસેન્ટરના ડૉ.ઉદય ભાનુસિંગ તથા સોશિયલ વર્કર ફરઝાના બેનને સોપ્યા હતા.

મુંબઈની શ્રદ્ધા રીહેબીલીટેશન ફાઉન્ડેશનનો પરિચય મુંબઈનાં કરજત ખાતે આવેલ શ્રદ્ધા રીહેબીલીટેશન ફાઉન્ડેશનનાં ચેરપર્સન ડૉ.ભરતભાઇ વટવાણીને વર્ષ 2018માં રેમન મેગ્સેસે એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. તેમનાં દ્વારા તેમનાં સેન્ટરમાં દર્દીઓને સારવાર આપી ઠીક ક્યા બાદ પુરા ભારતમાં જેમ કે આસામ, બિહાર, પ.બંગાળ, ઓરિસ્સા, મહારાષ્ટ્ર, તામિલનાડુ, આંધ્રપ્રદેશ વગેરે રાજ્યોમાં ઘર સુધી છોડવામાં આવે છે. એટલે સુધી કે નેપાળ બાંગ્લાદેશનાં દર્દીઓને પણ કાયદેસરની કાર્યવાહી કરી તેમનાં પોતાનાં ખર્ચે વતન પહોંચાડવામાં આવે છે.

ડૉ.ઉદય ભાનુસિંગ તથા સોશિયલ કેર ફરઝાનાં બેન મુંબઈથી સંસ્થાની વાન લઈ ધોરણ પારડી આવ્યાં હતા અને તમામ 55 પ્રભુજીઓને તેમની દેખરેખ હેઠળ મુંબઇ લઈ ગયા હતા. ત્યાં રીહેબીલીટેશન સેન્ટરમાં સારવાર બાદ સંસ્થા તેમનાં વતન પરિવારજનોને સોંપશે.



### ચંદુભાઇ ચૌધરીનું 20 વર્ષે પરિવાર સાથે મિલન

**વાલોડ** | વાલોડ તાલુકાના ખાંભલા ગામના ખંડુભાઈ મગનભાઈ ચૌધરી 20 વર્ષ અગાઉ માનસિક બીમારીને કારણે ઘર છોડી જતા રહ્યા હતા. તેઓને મહારાષ્ટ્ર જિલ્લા રાજ્યના રાયગઢ જિલ્લાના કરજત ખાતે આવેલ શ્રદ્ધા રિહેબિલિટેશન ફાઉન્ડેશન મેન્ટલી ઈન રોડ સાઈડ ડેસ્ટીટ્યુડ્સ ઓફ ઇન્ડિયા રિહાબીલેશન સેન્ટર તરફથી સારવાર આપી તેમનો ફોટો વાલોડ તાલલુકાના સરપંચને મોકલી તપાસ કરાવતા તેમની ઓળખ થઇ હતી. તેમના પરિજનોને બોલાવી ઓળખ કરાવી સોંપાયા હતા.